# વીસમી સદીનો પહેલો નરસંહાર : આર્મેનિયન નરસંહાર

બે વિસ્તારવાદી શક્તિશાળી દેશો વચ્ચે આવેલા વિશિષ્ઠ સાંસ્કૃતિક વારસો ધરાવતા નાના દેશને ભાગે તો સહન કરવાનું જ વધારે આવે. 'આવો જ એક ટચૂકડો દેશ આર્મેનિયા. તુર્કી, રશિયા, ઇરાન વચ્ચે દબાયેલો. એક સમયે બૃહદ આર્મેનિયાનો મોટો વિસ્તાર હતો પણ આસપાસના દેશોએ તેને કોતરી ખાધા પછી હવે બચ્યો છે એક નાનો ટુકડો. ઈસ. બીજી–ત્રીજી સદીમાં જ ખ્રિસ્તીધર્મને રાજધર્મ તરીકે સ્વીકારનારો જગતનો પહેલો દેશ. જગતનું જૂનું ચર્ચ પણ આ દેશમાં. પોતાની અલગ ભાષા અને સંસ્કૃતિ ધરાવતા આ દેશ પર ક્યારેક તુર્કોએ રાજ કર્યું, ક્યારેક મોંગોલોએ તો ક્યારેક રશિયનોએ. આર્મેનિયનો તો ભોગ જ બન્યા. 1915માં એક એવી ક્રૂર કરુણ ઘટના બની કે આર્મેનિયનોને પોતાનો દેશ છોડી ભાગીને વિશ્વના બીજા દેશમાં વસવું પડ્યું. આજે આર્મેનિયાની વસ્તી કરતાં ત્રણ ગણાં વધારે આર્મેનિયન ડાયાસ્પોરા જગતભરમાં વસે છે.

2015નો 24મી એપ્રીલનો દિવસ એટલે આપણા માટે બે હજાર પંદરની સાલના એપ્રિલ મહિનાનો એક દિવસ પણ જગતભરમાં ફેલાયેલા લાખો આર્મેનિયનો માટે તેમના પૂર્વજોના

નરસંહારના શતાબ્દિવર્ષનો આરંભ. વિધિની વક્રતાતો એ છે કે 1939માં હીટલરે પોલેન્ડ પર હુમલો કરી નિર્દયી રીતે પહેલાં પોલેન્ડવાસીઓને અને પછી યુહદીઓને જે વ્યવસ્થિત રીતે લુંટ્યા, દેશ નિકાલ થવા ફરજ પાડી, પકડી પકડીને કેમ્પોમાં ઠાલવ્યાં ને યોજનાબધ્ધ જે રીતે માર્યા તે વિચારનું મૂળ આ આર્મેનિયન નરસંહારમાં છે. 1939ના ઑગસ્ટના એક ભાષણમાં તો હિટલરે વિસ્તારવાદી મહત્વાકાંક્ષા સંતોષવા આવા પગલાંને અનિવાર્ય ગણાવ્યું અને નફફટ થઈ ને કહ્યું પણ ખરું “આજે આર્મેનિયનોને કોણ યાદ કરે છે?” વીસમી સદીએ નાઝીઓ દ્વારા યહુદીઓનો, કંબોડિયામાં પોલ પોટનો કે પછી આફ્રિકાના રવાંડામાં જે વંશીય નરસંહાર જોયો તેમાં પ્રમાણમાં ઓછો જાણીતો પણ પ્રથમ નરસંહાર હતો આર્મેનિયનોનો.

વરસોના વસવાટ છતાં તુર્કોના ઓટોમન સામ્રાજ્યમાં એસિરિયન, ગ્રીક કે આર્મેનિયન લઘુમતિઓનું સ્થાન બીજા દરજ્જાનું જ રહેતું. ઓગણીસમી સદીના અંતે પૂર્વયુરોપ સુધી ફેલાયેલા ઓટોમન સામ્રાજ્યના વળતાં પાણી થયાં તે પછી તે વિસ્તારમાં વસતાં મુસ્લીમોને તુર્કી અને આર્મેનિયામાં હિજરત કરી વસવું પડ્યું. પ્રમાણમાં સંપન્ન આર્મેનિયનો મુસ્લીમોની છુપી ઈર્ષાનો ભોગ બન્યા અને રાજ્યસત્તા તેમને પક્ષે – મુસ્લીમોના પક્ષે હતી તેથી આર્મેનિયનો રંજાડનો ભોગ બન્યા – અને આર્મેનિયનોમાં આ અંગે છુપો અસંતોષ પણ હતો. આર્મેનિયનો સ્વતંત્રતા માટે વિદ્રોહ વિપ્લવ કરે તે તુર્કોને પોસાય નહીં. એવામાં પ્રથમ વિશ્વયુદ્ધ છેડાયું ને તુર્કોને એક બહાનું મળી ગયું.

તુર્કોએ આર્મેનિયનો દુશ્મનદેશ રશિયાના મળતિયા છે તેવી હવા ફેલાવી વરસોથી તુર્કી લશ્કરમાં સેવા આપતા આર્મેનિયન ઓફિસરોને નીચલી પાયરીએ ઉતારી દીધાં. આર્મેનિયનોમાં લોક જુવાળ ન ફેલાય તે માટે આર્મેનિયન ભાષામાં નીકળતું છાપું બંધ કર્યું. તુર્કી સરકારની રહેમ નજરે અંતરિયાળ ગામડાંઓમાં વસતા આર્મેનિયનોને રંજાડવાનું શરૂ થયું. તેના ઘરો ખેતરો મિલકતો ઉપર તુર્કી મુસ્લીમોએ કબજો જમાવ્યો. આર્મેનિયનોને પોતાનાંજ દેશમાંથી મારી ઉખેડી જલાવતન કરવાના વ્યવસ્થિત દુષ્ટ ષડયંત્રનો આરંભ થયો. 1915ની 24મી એપ્રીલથી. એ દિવસે ઇસ્તંબુલમાંથી અઢીસો જેટલા આર્મેનિયન રાજકારણીઓ બૌદ્ધિકોને પકડી લઈ તેમની ક્રુર હત્યા કરવામાં આવી કે જેથી કોઈ બળવો ન કરી શકે. આર્મેનિયાની ઓળખ સમા અનેક ચર્ચો – મોનાસ્ટરી – મઠોને તોડી પાડવામાં આવ્યા. તેની મસ્જીદો બનાવી નાખવામાં આવી કે તેનું અપમાન કરવા તેનો ગાયોની ગમાણ તરીકિ ઉપયોગ કરવામાં આવ્યો. હજારો સ્થાપત્યોમાંથી

દસ ટકા જેટલાં જ બચવા પામ્યાં. આર્મેનિયન યુવાન પુરૂષોને ઠેક ઠેકાણેથી પકડી તેને ભેગાં કરી તેમની સામૂહિક હત્યા કરવામાં આવી. ગામો બાળવામાં આવ્યા ને મિલકતો લુંટી લેવામાં આવી. જુવાન આર્મેનિયનોની કતલ પછી વારો આવ્યો સ્ત્રીઓ વૃદ્ધો અને બાળકોનો. ગામે ગામથી તેમને ભેગા કરવામાં આવ્યાં અને લશ્કરી પહેરા વચ્ચે તેમને ફરજિયાત દેશ બહાર ધકેલવામાં આવ્યાં સિરિયાના રણ ભણી. લાખો ભુખ્યાં તરસ્યાં અસહાય લોકોની મૃત્યુ કૂચ – ડેથ માર્ચ ચાલતી હતી. બાળકોને તલવારબાજીનો ભોગ બનાવ્યા તો સ્ત્રીઓ પર સૈનિકોએ બળાત્કાર ગુજાર્યો. લાખો અસહાય આર્મેનિયનો કૂચ કરતાં રહ્યાં. ભુખ્યાં તરસ્યાં, થાક્યા માંદા રસ્તામાં જ મરતાં રહ્યાં. થોડાં નસીબદાર બચ્યાં તેમને એક મોટી ગુફામાં પુરી સળગાવી દેવામાં આવ્યાં. જે જીવ્યા તે બળેલા સાથીઓનું માંસ ખાઈ બચ્યાં અને સિરિયા, લેબેનોન રશિયા થઈ અનેક દેશોમાં સ્થિર થયાં. તેમના પર રોગના જીવાણું શરીરમાં દાખલ કરવાના, મોર્ફિનની અસરના ને ઝેરી ગેસના અનેક મેડિકલ અખતરા કરવામાં આવ્યાં. જાણે નાઝી અત્યાચારનું જ એક ટ્રેલર!

અત્યારે દુનિયભરમાં વસેલા આર્મેનિયનોના વડવાઓએ આ આતંક પછી આર્મેનિયા છોડ્યું. માટે જ તો 24મી એપ્રીલ એ દુનિયાભરના આર્મેનિયનો માટે તેમના કમનસીબ મૃત વડવાઓને શ્રદ્ધાંજલિ આપવાનો દિવસ છે. દુનિયાભરના અનેક દેશોમાં વસતાં આર્મેનિયનોએ 1915ના નરસંહારમાં મૃત્યુ પામેલાઓ માટે શરીદ સ્મારકો બનાવ્યા છે અને 1915ની 24 એપ્રીલે એ ઘટનાનું શતાબ્દિ વર્ષ મનાવવાનું નક્કી કર્યું છે. જેમ પછીની જર્મન સરકારે બીજા વિશ્વયુદ્ધની ખુવારી અને ખાસ તો યહુદીઓના નરસંહાર માટે કબુલાત કરી માફી માગી છે. તેવી માફી આજે સો વરસ પછી પણ તુર્કી માગવા તૈયાર નથી. તેમના મતે તો એ ઘટના એ યુદ્ધનો જ ભાગ હતી – નરસંહાર નહીં. વિખ્યાત તુર્કી લેખક ઓરહાન પામુકે તુર્કી સરકારે આ આતંકની નૈતિક જવાબદારી લઈ તેના પ્રાયશ્ચિત રૂપે આર્મેનિયનોની માફી માગવી જોઈએ એવો મત વ્યક્ત કર્યો તો તુર્કીના પ્રેસીડેન્ટે ઓરહાન પામુક તુર્કી પ્રજાના તુર્ક દેશના વિરોધી – દેશ દ્રોહી છે તેવો આરોપ લગાવ્યો. હાલના પોપે પણ વીસમી સદીના આ પહેલા નરસંહારની તુર્કીએ જવાબદાર લેવી જોઈએ તેવું કહ્યું તો પણ તુર્કી સરકાર એ સ્વીકારવા જ તૈયાર નથી. એ નરસંહારમાં બચેલા અનેકોની મુલાકાતો, એ સમયના તુર્કી દસ્તાવેજો અને એ ઘટનાના ફોટોગ્રાફ્સ અને ફિલ્મનું ફુટેજ હોવા છતાં તુર્કી સરકાર તેનો ઇન્કાર કરી રહી છે અને અમેરિકા તેના દેશની

કંપનીઓના હિતો સાચવવા અને તુર્કીના વ્યુહાત્મક મહત્વને લીધે ચૂપ બેઠું છે. અમેરિકાના આ બેવડા ધોરણ સામે જગતભરના આર્મેનિયનોને રોષ છે પણ જગત જમાદાર બીગ બ્રધર પોતાના સ્વાર્થ વગર કશું કરે એ સંભવ જ નથી. વીસમી સદીના આ પહેલાં નરસંહાર પર ઘણી ડોક્યુમેન્ટરી બની પુસ્તકો લખાયાં આ શતાબ્દિ વર્ષે 1915 નામની ફિલ્મ પણ આવશે પણ પેલાં પંદર લાખ આર્મેનિયનો કમોતે મર્યા તેનું શું? તેનો જવાબ કોઈ પાસે નથી.

■